

શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨-૨૩


નિયમિત પ્રવૃત્તિનો અહેવાલ

| ક્રમ | નિયમિત પ્રવૃતિનું નામ | તારીખ | ભાગ લીધેલ સ્વયં સેવક |
|---|---|---|---|
| ૧ | વૃક્ષા રોપણ કાર્યક્રમ | ૧૧/૦૭/૨૦૨૨ | ૫૦ |
| ૨ | રન ફોર તિરંગા કાર્યક્રમ | ૧૨/૦૮/૨૦૨૨ | ૩૦ |
| ૩ | વક્તૃત્વ સ્પર્ધા | ૧૩/૦૮/૨૦૨૨ | ૧૫ |
| ૪ | સ્વતંત્રતા પર્વ | ૧૫/૦૮/૨૦૨૨ | ૪૦ |
| ૫ | યુવા ખેડબ્રહ્મા સંચાલિત સેવા કેન્દ્રમાં એન.એસ.એસ.વિભાગ દ્વારા સેવા કાર્ય | ૦૮/૦૯/૨૦૨૨ | ૩૦ |
| ૬ | યુનિવર્સીટી કક્ષાની એક દિવસની એન.એસ.એસ.ડે ઉજવણી શિબિર | ૨૪/૦૯/૨૦૨૨ | ૦૧ |
| ૭ | મતદાન જાગૃતિ કાર્યક્રમ | ૨૪/૧૧/૨૦૨૨ | ૪૦ |
| ૮ | રક્તદાન કેમ્પ | ૨૭/૧૧/૨૦૨૨ | ૨૦ |
| ૯ | મતદાન જાગૃતિ રેલી કેમલ કાર્ટ રેલી –ખેડબ્રહ્મા | ૨૯/૧૧/૨૦૨૨ | ૩૫ |

• પ્રવૃત્તિ મુજબ અહેવાલમાં મુકેલ ફોટા








**કોલેજોના સહયોગથી**

# રન ફોર તિરંગા કાર્યક્રમ સંદર્ભે રેલીનું આયોજન કરવામાં આવ્યું




**ગુજરાત ક્રાઇમ બુલેટીન**
**વિનોદ સોની, ખેડબ્રહ્મા**

ડી.ડી.ઠાકર આર્ટ્સ અને કે.જે.પટેલ કોમર્સ કોલેજ , ખેડબ્રહ્માના એન.એસ.એસ. વિભાગ ના ઉપક્રમે તા .૧૨ / ૮ / ૨૦૨૨ ને શુક્રવાર ના રોજ આઝાદીના ૭૫ મા વર્ષ નિમિત્તે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત રન ફોર તિરંગા કાર્યક્રમ સંદર્ભે ગુજરાત સરકાર તેમજ એન.એસ.એસ. વિભાગ પાટણ ના આદેશ અનુસાર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ , હિંમતનગર આયોજીત સાબરકાંઠા જીલ્લાની કોલેજોના સહયોગથી રન ફોર તિરંગા કાર્યક્રમ સંદર્ભે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું . આ રેલીમાં આચાર્યશ્રી વી.સી. નિનામાના માર્ગદર્શન નીચે કોલેજના પંદર વિદ્યાર્થી ભાઈ - બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો . તેમજ આ રેલીમાં ડો. કે. ડી. પટેલ, ડો. મંજુ ખેર, ડો. દિનેશ કિશોરી, પ્રા. જીગર ખરાડી, ડો. કે. યુ. સુથાર વગેરે પ્રાધ્યાપક મિત્રોએ સફર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.




# નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધા અને દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું





**ગુજરાત ક્રાઈમ બુલેટીન**
**વિનોદ સોની, ખેડબ્રહ્મા**


ખેડબ્રહ્મા કોલેજમાં આઝાદીના અમૃત મહોત્સવ અને હરઘર તિરંગા અંતર્ગત તા . ૧૩/૦૮/૨૦૨૨ ના રોજ કોલેજના સભાખંડમાં આચાર્ય શ્રી, ડૉ. વિ. સી. નિનામાના માર્ગદર્શન નીચે નિબંધ લેખન , વકતૃત્વ સ્પર્ધા અને દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું . તેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ડૉ. કે. ડી. પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. પી. આર. ગર્જરે કર્યું હતું અને આભાર દર્શન ડૉ. ડી. કે કિશોરીએ કર્યું હતું. સમિતિના કનવિનર ડૉ. એન.એમ. તાજપુરિઆએ વિજેતા સ્પર્ધકોને પ્રમાણપત્ર અને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.




દલપતરામ ઠાકર આર્ટ્સ અને
જીવાભાઈ પટેલ કોમર્સ કોલેજ




YUVA




સંદેશ
માગશર સુદ બીજ

# ખેડબ્રહ્મા કોલેજમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ખેડબ્રહ્મા : ડી.ડી.ઠાકર આર્ટસ અને કે.જે.પટેલ કોમર્સ કોલેજ ખેડબ્રહ્મા ખાતે ગુરૂવારે વિધાનસભાની ચૂંટણી પ્રક્રિયા અંગેની જાગૃતતા વધે અને મતદારો ચૂંટણી પ્રક્રિયામાં પોતાની સક્રિય ભાગીદારી નોધાવે તે હેતુથી કોલેજના આચાર્ય ડૉ. વી.સી. નિનામા , અરવલ્લી વિધાભવન ટ્રસ્ટના સહમંત્રી અને કેમ્પસ ડાયરેક્ટર એન.ડી. પટેલ , સમગ્ર સ્ટાફ તથા એન.એસ.એસ અને એન.સી.સીના વિધાર્થીઓએ સાથે મળીને ૧૦૦ % મતદાન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.




REDMI NOTE 8
28/11/2022 10:20


# ખેડબ્રહ્મા કોલેજમાં રક્તદાન કેમ્પ યોજાયો

**ગુજરાત ક્રાઇમ બુલેટિન**
**વિનોદ સોની, ખેડબ્રહ્મા**




તા.૨૭.૧૧.૨૦૨૨ ના રોજ ડી.ડી.ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ ખેડબ્રહ્મામાં રક્તદાન કેમ્પ યોજાયો હતો એન.સી.સી. ડે નીમિત્તે કોલેજના એન.સી.સી. વિભાગ, એન.એસ.એસ. વિભાગ, કે.એલ. હોસ્પિટલ લક્ષ્મીપુરા, માં બ્લડબેંક - ખેડબ્રહ્મા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખેડવાના સંયુક્ત ઉપક્રમે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કે.એલ. હોસ્પિટલ લક્ષ્મીપુરા તરફથી બેગ, માં બ્લડ બેંક તરફથી પાણીની બોટલ, કિર્તિ કુમાર યુ. જોષી તરફથી પેન, કોલેજ તરફથી ડોક્યુમેન્ટફાઇલ બધા કેડેટને ગિફ્ટ આપવામાં આવી હતી. કુલ ૧૧ કેડેટે રક્ત દાન કર્યું હતું. કેમ્પમાં મોટી સંખ્યામાં કેડેટ –સ્વયં સેવકો અને સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ કેમ્પમાં અધ્યક્ષ સ્થાનેથી કેમ્પસ ડાયરેક્ટર એન. ડી. પટેલ તથા મુખ્ય મહેમાન સ્થાનેથી કીર્તિકુમાર યુ જોષીએ આશીર્વચન પાઠવ્યા હતા. કેમ્પનું આયોજન કાર્યકારી આચાર્ય ડૉ.વી.સી. નિનામાના માર્ગ દર્શનમાં એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ.ડી.કે.કિશોરી તથા એન.સી.સી.વિભાગના લેફ્ટીનેન્ટ ડૉ.ડી.બી.સોંદરવાએ કર્યું હતું.






ડી. ડી. ઠાકર આર્ટ્સ અને
કે. જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા
રાષ્ટ્રીય સેવા યોજના
(N. S. S.)
'Not me but you'



પ્રો ામ ઓફિસરશ્રી

D.K. Kishor

ડૉ.દિનેશભાઈ કે.કિશોરી

પ્રોગ્રામ ઓફીસર
(એન.એસ.એસ.)
આર્ટસ & કોમર્સ કોલેજ
ખેડબ્રહ્મા

આચાર્યશ્રી

ડૉ. વી. સી. નિનામા

**Principal**
D. D. Thakar Arts &
K. J. Patel Commerce College
Khedbrahma - 383255